# આઈઆઈટી ગાંધીનગર ખાતે નવી બેચમાં ૧૯૪ વિદ્યાર્થીઓનું સ્વાગત કરાયું





ગાંધીનગર, તા.૨૩

આજે ગાંધીનગરના પાલજ ખાતેની આઈઆઈટી ખાતે ૫ સપ્તાહના ફાઉન્ડેશન કોર્સના પ્રારંભ સાથે વર્ષ ૨૦૧૮-૨૨ની બેચમાં ૧૯૪ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. આ બેચમાં દેશના ૧૮ રાજયોમાંથી વિદ્યાર્થીઓએ આઈઆઈટી જોઈન કર્યુ છે તેમજ આ બેચમાં વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધીને ૧૫ ટકા સુધી પહોંચવા પામી છે.

નવી બેચના ફાઉન્ડેશન પ્રોગ્રામના ઉદઘાટન સમારોહમાં મુખ્ય અતિથિપદે હીનીબી નેટવર્કના સ્થાપક અને ગ્રામવિસ્તારના કાર્યકર્તા પ્રો. અનિલકુમાર ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમણે સમાજ અને માનવતના લાંબા ગાળાના ફાયદા સાથે સામાજિક જરૂરિયાતો માટેના ઉકેલો શોધવા પર ભાર મુકયો હતો. આ પ્રસંગે આઈઆઈટી જીના ડિરેકટર પ્રો. સુરેર જૈન, શૈક્ષણિક બાબતોના ડીન પ્રો. જેસન મંજાલી, વિદ્યાર્થી બાબતોના ડીન પ્રા. પ્રતિક મુથા ઉપસ્થિત રહ્યા હતા.

**Title:** 194 students welcomed in the new batch of IITGN
**Source:** Gandhinagar Samachar (Pg. No. 02)
**Link:** https://www.gandhinagarsamachar.com/wp-content/epaper/july2018/24072018-2.pdf
**Date:** 24/07/2018